# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૮ • સળંગ અંક ૧૦૩ • મુંબઈ • જૂન ૨૦૧૫ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...

સંસ્થાએ તાજેતરમાં આરંભેલ વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓથી સમાજમાં ચેતનાનો સંચાર થયો છે. કાર્યકરો ખભે ખભા મીલાવી સમાજ અને સંસ્થા માટે જે અથાગ પરિશ્રમ કરી રહ્યા છે તે જોઈ હું ધન્યતા અને સંતોષ અનુભવું છું. તા. ૧૩-૬-૨૦૧૫ના રોજ પાટણ ડોનર્સ ફાઉન્ડેશનથી કાર્યક્રમોની શરૂઆત થઈ. **વાય. બી. ચવ્હાણ હોલમાં ૫૫૦થી વધુ સભાસદોની હાજરીમાં ડોનર્સ ફાઉન્ડેશનની સ્થાપનાનો શુભ આરંભ થયો.** એકજ સ્થળે સમાજના દાતાઓને એકસાથે મળવાનો આનંદ અદ્વિતિય હતો. **'મોતીશા શેઠ'** નાટક શરૂ થાય તે પહેલા પાટણના ત્રણ યુવા રત્નોનું સન્માન કરવાનો પ્રસંગ હાજર રહેલ દાતા પરિવારજનો માટે યાદગાર બનેલ છે. સંસ્થાની આર્થિક સુદ્રઢતા માટે ડોનર્સ ફાઉન્ડેશન મહત્વનો પાયો બની રહેશે. રવિવાર તા. ૧૪-૬-૨૦૧૫ના રોજ અપરિણિત યુવક-યુવતીઓનું સ્નેહ સંમેલન આજીવાસન હોલ, સાન્તાક્રુઝ ખાતે યોજવામાં આવ્યું હતું. પાટણ સમાજના યુવક-યુવતીઓનું શિક્ષણ જોતાં આપણે જરૂર કહી શકીએ કે, આપણો સમાજ, સુશિક્ષિત સમાજ તરીકે ઓળખાશે. મોટા ભાગના યુવક-યુવતીઓ નામી કંપનીઓમાં કે મલ્ટીનેશનલમાં કાર્યરત છે એ સમાજ માટે ગૌરવની વાત છે.

જીવન મહેક સમિતિ અને ખાસ કરીને શ્રી હિતેનભાઈ વીમાવાળા, દિપકભાઈ કીર્તિકુમાર, સંજયભાઈ રમેશચંદ્ર, ભાવેશભાઈ સુધીરભાઈ, શ્રીમતી મોના વિમલેશભાઈ, નિશા દિપેશભાઈ અને સમિતિના અનેક સભ્યોના સંયુક્ત પ્રયાસથી કાર્યક્રમ સફળ રહ્યો જે માટે તેઓ સર્વે અભિનંદનને પાત્ર છે.

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ઠ ત્રીજું)

## From President's Desk...

**Our spirits are buoyed by the spontaneous contribution of majority of the Main Office Bearers who have promised to donate a sum total of Rs 50 lacs every year for the next 3 years.**

It was a welcome start that the Main Office Bearers, who apart from devoting their time and efforts for **rejuvenating the Samaj, have put their Faith, Confidence and Donations in the Mandal's ability to serve and uplift the Samaj.**

**This contribution is Extremely Vital since Entire Contribution will be utiliz in one year itself which will give immediate benefits and relief to the Patan Samaj.** Therefore all families who are in a position to give / donate, may come forward and contact us in large numbers for giving minimum contribution of **Rs 1 or 2 lacs per year. Incidentally for permanent Membership of the Managing Committee, an amount of Rs 1.25 lacs is required.**

'*Motisha Sheth*' Play on Saturday 13th June was organised by Patan Donors' Foundation and was very well attended by 550 Donors and Invitees. Deep Pragtaya was done by 3 Awardees and the Donors.

[ CONTINUED ON PAGETHREE ]

# તંત્રીસ્થાનેથી...

## "દાનનો મહિમા"

**"ધનની ત્રણ ગતિઓ છે; દાન, ભોગ અને નાશ, જે આપતો નથી કે ભોગવતો નથી તેના ધનની ગતિ ત્રીજી થાય છે."**

**- ભાતૃહરિ**

શાલીભદ્રએ સુપાત્ર દાનથી, એના પ્રભાવથી એક ભવ નહીં પણ ભવોભવ સુધારી મોક્ષ સુખ પ્રાપ્ત કર્યું. આધ્યાત્મિક દૃષ્ટિએ દાન હજારોનું હોય કે કરોડોનું, તે સરખુ જ છે, પરંતુ ઉત્કૃષ્ટ ભાવથી અપાયેલ દાનને સર્વશ્રેષ્ઠ ગણાય.

આપણી આસપાસ રહેલ કુદરતની કરામતોનું અવલોકન કરતાં જણાશે કે, નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો સ્વયં સુવાસી ફૂલ-ફળ ખાતા નથી. વાદળા પોતે ધાન્ય (અનાજ)ના માલિક થતાં નથી તેમજ પૃથ્વી પોતે ઉપભવનમાં રહેતી નથી. આ બધાનું તાત્પર્ય એટલું જ કે, **"સત્પુરુષોની સમૃદ્ધિ પોતાના માટે નહીં પરંતુ પરોપકાર માટે જ હોય છે"** દાન એ ધર્મનું પ્રથમ અંગ છે, તથા વ્યક્તિના વિકાસનું, સમાજની સુવ્યવસ્થાનું, રાષ્ટ્રના ઘડતરનું અને વિશ્વભરમાં શાંતિની સમતુલા જાળવવાનું અમોઘ શસ્ત્ર છે.

દાનનો વ્યવહાર ભુલવાથી દ્વેષ, ઈર્ષા તથા વૈમનસ્યને ઉત્તેજન મળે છે. સામાજીક તેમજ ધાર્મિક દૃષ્ટિએ માનવ જીવનમાં દાન આપવાનો વ્યવહાર સર્વશ્રેષ્ઠ છે. "દાન જો સંસ્થાને અપાય તો સેવાવૃત્તિને વેગ મળે છે, તેમજ સમાજમાં સન્માન વધે છે, જો સુપાત્રને અપાય તો ધર્મનું કારણ બને, જો મિત્રને અપાય તો પ્રીતિમાં ઉમેરો થાય છે અને જો શત્રુને અપાય તો વેરનો નાશ થાય છે. **આમ સર્વ ઠેકાણે દાનના પ્રભાવના કોઈને કોઈ સકારાત્મક પરિણામ દેખાય છે.**

વર્તમાનમાં સામાન્ય પ્રજા વિષમ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે. ઉદારતા, સૌજન્ય અને વિનય-વિવેક પાંગળા બની ગયા છે. આથી જ આજે દાનધર્મને અનુસરવાની વિશેષ જરૂર છે. **અનેક પ્રકારના મોજ-શોખમાં થતા લક્ષ્મીના વ્યયને સંકોચી, સાધર્મિકોને સમર્થ/સ્વાવલંબી કરવા અતિ આવશ્યક છે. શૈક્ષણિક, મેડીકલ તેમજ અન્ય ક્ષેત્રોએ વધી ગયેલ મોંઘવારીએ સામાન્ય માનવીના કૌટુંબિક બજેટના ગણિતો જ બદલી નાખ્યા છે.** આથી જ આજે કેટલાયે કુટુંબોએ સહાય પર નભવું પડે છે.

સામુહિક દાન, સામુહિક ધર્મની જેમ વિશેષ લાભ આપે છે માટે શ્રી પાટણ જૈન મંડળના હોદેદારો પોતાની ફરજ સમજી, તન, મન અને ધન આપી અનુમોદનીય યોગદાન આપી રહ્યા છે. **હોદેદારો તરફથી વાર્ષિક રૂ. ૫૦ લાખના વચનો સંસ્થાને મળેલ છે. આમ વાર્ષિક દોઢ કરોડની જરૂરીયાત સામે સમાજ પાસેથી એક કરોડ રૂપિયાની અપેક્ષા અસ્થાને નથી જ.**

હોદ્દેદારો સમાજની પ્રવૃત્તિઓને કાર્યવંત બનાવવાની સાથે આર્થિક સમર્પિતા એમનું પુણ્યબળ સમાજને આપે છે **માટે જ દર વર્ષે ઓછામાં ઓછા રૂ. ૧ લાખ તથા યથાશકિત વધુ રકમ સંસ્થાને આપવા આપ સૌને આગ્રહભરી વિનંતી છે.**

સદ્‌ભાગ્યે પટણીઓમાં સખાવતની ભાવના વિશેષ છે, એકંદરે સમાજ ધર્મપ્રિય છે તેથી જ સમાજની જરૂરિયાતોને અનુલક્ષીને સંસ્થા દ્વારા કરવામાં આવતી ટહેલને હંમેશા સકારાત્મક પ્રતિસાદ મળે છે. સંસ્થાને યથાશક્તિ આર્થિક સહયોગ આપી, સમાજ પ્રત્યેની નૈતિક ફરજ અદા કરવા સૌ કૃતનિશ્ચયી બને એજ અભ્યર્થના...

**"જગતમાં પૈસા તો ઘણા પાસે હોય છે પણ દાન આપી એની ફોરમ તો પુણ્યશાળીઓ જ ફેલાવી શકે."**

❑ સંપાદક સમિતિ


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

advt

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

**સમાજના આર્થિક અને સામાજિક વિકાસ** અંગે ચર્ચા વિચારણા કરવા દહીંસરથી પાલઘરની વચ્ચે રહેતાં આપણા ભાઈ-બહેનોની એક મીટીંગ ભાયંદર ખાતે **રવિવારે, તા. ૨૮-૬-૨૦૧૫ના રોજ** રાખવામાં આવી છે. આ વિસ્તારના જે પાટણ જૈન પરિવારો આર્થિક વિકાસ કરી સ્વાવલંબી થવા ઈચ્છે છે તેને સંસ્થા પૂરેપૂરી તક આપવા ઈચ્છે છે. કૉલેજના અભ્યાસ ઉપરાંત Skill Development માટે પણ મંડળ આપને લોન, સ્કોલરશીપ આપવા ઈચ્છુક છે. નાના-મોટા પરિવારને કોઈ ઉદ્યમ વિગેરે શરૂ કરવા માટે, મંડળના અનુભવી કાર્યકરો માર્ગદર્શન આપશે. આવા પરિવારો પ્રતિબિંબમાં વિના મૂલ્યે જાહેરખબર આપી શકશે જે તેમને માર્કેટીંગમાં ઉપયોગી થશે.

**શ્રી પાટણ જૈન મંડળનું હાલનું નેતૃત્વ Education અને Skill Developmentને અગ્રતા આપે છે.** સમાજના જરૂરિયાતવાળા વર્ગને સ્વાવલંબી બનાવી સ્વમાનથી જીવનનિર્વાહ કરી શકે તે માટે મંડળે પૂરતી મદદ કરવી છે.

ખૂબ જ હર્ષ સાથે જણાવવાનું કે મંડળમાં દાનનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે. **બાબુ અમીચંદ પનાલાલ ટ્રસ્ટના શ્રી ભરતભાઈ રાજેન્દ્રકુમારે, પાટણ ખાતે વિકલાંગ બાળકો માટે 'દિશા' કાર્યશાળાને નામ આપવાની શરતે રૂા. ૧૧ લાખ તથા શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ માટે રૂા. ૫,૫૫,૫૫૫/- આપ્યા છે.**

શ્રી પાટણ જૈન મંડળની પ્રવૃત્તિઓના વિકાસ માટે માર્ગદર્શન આપવા પાટણના **સફળ વ્યવસાયીઓની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં નિમણૂંક કરવામાં આવી છે.** તેઓ મંડળની પ્રગતિ માટે પ્રયત્નશીલ રહેશે. જુલાઈમાં એમની પ્રથમ મીટીંગ મળશે.

મને જણાવતાં અત્યંત ગૌરવ થાય છે કે પ્રોગ્રામ સમિતિ દ્વારા દિવાળી વેકેશન પશ્ચાત સમાજના મજબુત સ્પર્ધકોને પોતાની કળા-કૌશલ્યતા બતાવવા માટેનું પ્લેટફોર્મ એટલે **'ટેલેન્ટ પરેડ'નું ભવ્ય આયોજન શનિવાર, તા. ૨૮ નવેમ્બર ૨૦૧૫ના રોજ શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા) સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધીના ઉપક્રમે કરવામાં આવેલ છે.** મને ખાત્રી છે તેમાં સર્વે સ્પર્ધકો પોતાની પૂરી કૌશલ્યતા દેખાડશે.

સતત બે દિવસના અલગ-અલગ કાર્યક્રમોને સફળતાપૂર્વક રજૂ કરવા અથાગ પરીશ્રમ અને ધગશથી કામ કરવા બદલ શ્રી વી.પી.શાહ, દિપક રેવંતીલાલ શાહ, હિતેનભાઈ વીમાવાળા અને સર્વે કાર્યકરોએ જે જહેમત ઉઠાવી છે તે પ્રસંશનિય છે.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## FROM PRESDENT'S DESK... [ Cont. from page 1 ]

Memento for **Patan Yuva Ratna for '*Ameerai*' was given to Darsheel Safary by Trustees Shri Pradipbhai Ramanlal Shah & Shri Rameshbhai Chhabildas Jhaveri.**

**Young achievers of our community were awarded with Mementos / Trophies for their achievements in various avenues of life.**

Memento for **Patan Yuva Ratna for '*Khameerai*' was given to Samir Zaveri by Mg. Trustees Shri Dineshbhai Shantilal Shah & Shri J.K. Shah.**

Memento for **Patan Yuva Ratna for '*Chaturai*' was given to Dev Shah by Trustees Shri Niranjanbhai Amrutlal Shah & Shri Bhadrakumar Manilal Shah.**

There was an aura of positivity when all Donors and Members exchanged their pleasantries in the beginning during the snacks. Members also thoroughly enjoyed '***Motisha Sheth***' Play.

**Sneh Milan Samaroh on Sunday, 14th June was well attended by more than 550 Members,** with over unmarried 200 Boys and Girls. Patan Samaj can be proud of their young members who are very well educated and are working at some of the best Indian & Multinational companies. The program created great enthusiasm amongst participants and it will help them select the right life partner. We wish all of them the Best in Life.

Both of these Programs were very well compeered by Ms Rekha Vira.

**My heartfelt thanks for the donation of Rs 16.55 lacs from Babu Amichand Panalal Adishwar Jain Temple Trust, Walkeshwar for Viklang Samiti.**

**I am pleased to announce that Talent Parade has been organised on Saturday, 28th November** (after Diwali Holidays), as per the strong desire of the Patan Samaj and the Main Donor, Shri Jatinbhai Chandrakantbhai (Saheba).

**I am sure the Talent Parade will give on opportunity to our youngsters to present and perform their unique talents.**

I appreciate the sincere efforts and long hours put in by Shri V. P. Shah, Dipak R. Shah, Hiten Vimawala and many others in making both back-to-back programs greatly successful.

❑ **Dinesh Shantilal Shah**

## Names of Committee Members (Cont'd from Last Pratibimb)

| Name | Designation | Mobile | Resi | Maholla | E-mail |
|---|---|---|---|---|---|
| **Jeevan Saurabh Committee:** | | | | | |
| Yashwantlal Harilal Jhaveri | V Pres | 9820088997 | V Parl | Sidch.pol | yashwant@vasuchemicals.com |
| Bharat Kantilal Shah | Secretary | 9820452406 | Walks | Kans_pado | sarintex@vsnl.com |
| Hiten Champaklal Vimawala | Secretary | 9323742789 | M Drive | Khetr-Shati seri | hitencshah27@gmail.com |
| Jayesh Harsukhlal Shah | Secretary | 9833116262 | G Tank | Lakhiyar Wado | japam9999@gmail.com |
| **• Marine Drive Zone:** | | | | | |
| Mukesh Sevantilal shah | Member | 9820072250 | M Drive | Lakhiyar Wado | mukeshshah6066@outlook.com |
| Amishi Bhavesh Sudhirbhai Shah | Member | 9819608902 | M Drive | Kans_pado | varsha.exports@yahoo.co.in |
| Jatin Kirtikumar Shah | Member | 9322280153 | M Drive | Kumbh_pado | jatin-1@hotmail.com |
| Jigna Amish Devendra Patani | Member | 9820095123 | M Drive | Limdi pado | jigspati@gmail.com |
| Vipul Virendra Nagarsheth | Member | 9821127604 | M Drive | Mant_pado | Femdiv20@yahoo.com |
| V T to Chemur | | | | | |
| Nitinbhai Ramanlal Patni | Member | 9819802091 | Lhr chal | Fof_Man seri | ptc_nitin@rediffmail.com |
| **• Walkeshver / Chowpatty Zone:** | | | | | |
| Ketan Hsmukhlal Shah | Member | 9820190551 | Bbl nath | Dhan_wado | brighttradesyndicate@hotmail.com |
| Dhanishtha Ritesh Shah | Member | 9870080544 | Walks | Kumbh_pado | dhanishtashah@gmail.com |
| Deepak Premchand Shah | Member | 9892025995 | Chpty | Dhan_wado | reemaromilshah@gmail.com |
| Manish Nalinbhai shah | Member | 9820043421 | Walks | Kes set_pado | mnshah65@gmail.com |
| Rupa Sujal Shah | Member | 9820050474 | Walks | Fof_Chodh seri | sujal68@gmail.com |
| Vikram Bipinchandra Shah | Member | 9820192050 | Walks | Bhab_pado | vikram@stylriteoptical.com |
| **• Vile Parle Zone:** | | | | | |
| Jayesh Kumarpal Shah | Member | 9820126885 | V Parl | Kokano Pado | diaha_hearts@yahoo.com |
| Chetanbhai Madhukant Shah | Member | 9820022387 | V Parl | Sidch.pol | shahchetan70@gmail.com |
| Bharatiben Bhagubhai Shah | Member | 9324115575 | V Parl | Kans_pado | bhartibshah9@rediffmail.com |
| Harish maftlal Chokashi | Member | 9322226239 | V Parl | Dnk meht_pado | downtownfashion81@gmail.com |
| Ketki Ajaybhai Shah | Member | 9920823291 | V Parl | Marf meh_pado | ajayshah@gmail.com |
| Mona Vimlesh Shah | Member | 9323953779 | Andhr | Fof Vakht seri | m.m.enterprise@hotmail.com |
| **• Goregaon Zone:** | | | | | |
| Yashvant Mahasukhlal Shah | Member | 9324258240 | Gogan | Kans_pado | shah_yashwant@yahoo.co.in |
| Deepak Mahendra Shah | Member | 9892143666 | Gogan | Dnk meht_pado | jayakanchan@yahoo.co.in |
| Nilesh Arunbhai Shah | Member | 9773915548 | Gogan | Khd Khot_pado | nileshshah3009@gmail.com |
| Prapati Aashishbhai Shah | Member | 9820072858 | Gogan | Bhab_pado | hammerstocks@yahoo.com |
| Sneha Vipulbhai Zaveri | Member | 9819222830 | Gogan | Dnk meht_pado | ronnyvj2005@gmail.com |
| Vijay Jashubhai Shah | Member | 9820779680 | Gogan | Vasa wado | vankitshah@yahoo.com |
| **• Borivali to Virar Zone:** | | | | | |
| Rajendra Jaynatilal Shah | Member | 9322227209 | Bori | Bhab_pado | nehajenterprise@gmail.com |
| Milan Vipinchandra Shah | Member | 9324370338 | Malad | Kokano Pado | shahmilan33@gmail.com |
| Dhumil Shaileshbhai Salvi | Member | 9757135881 | Bori | Salvi Wado | bs.trading02@gmail.com |
| Maya Minesh Shah | Member | 9820654599 | Kandi | Marf meh_pado | deepshah7195@gmail.com |
| Nilesh Kantilal Shah | Member | 9321150160 | Bhyndr | Khd Khot_pado | nilesh@patniagency.com |
| Shobhnaben Kiritbhai Shah | Member | 9987590585 | Bori | Kokano Pado | |
| **• Ghatkopar to Thane:** | | | | | |
| Atulbhai Vinubhai shah | Member | 9324806307 | Ghat | Khajr_pado | |
| **Additional Members in Various Committees:** | | | | | |
| **• Programmes Committee:** | | | | | |
| Dinaben Chandrakant Shah | Member | | | | |
| Nilesh Arunbhai Shah | Member | 9773915548 | Gogan | Khd Khot_pado | nileshshah3009@gmail.com |
| Sports Committee | | | | | |
| Ketan Hsmukhlal Shah | Member | 9820190551 | Bbl nath | Dhan_wado | brighttradesyndicate@hotmail.com |
| **• Jeevan Mahek Committee:** | | | | | |
| Milan Vipinchandra Shah | Member | 9324370338 | Malad | Kokano Pado | shahmilan33@gmail.com |
| Rajesh Premchand Shah | Member | 9821536378 | M Drive | Marf meh_pado | mayuripearls@gmail.com |
| **Correction in Last Pratibimb:** | | | | | |
| Sanjay Rameshchandra Shah | Jt.Sec-Adm & Medical | 9821083487 | G Tank | Dnk meht_pado | sanjay@kyent.in |

# પાટણ ડોનર્સ ફાઉન્ડેશન મિલન સમારંભ




દીપ પ્રાગટ્ય માટે હાજર રહેલ દાનવીર પરિવારજનો

આજના પ્રસંગે પધારેલ સર્વે દાતાશ્રીઓનું, મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્ર પોપટલાલ શાહ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ તથા સંસ્થાના માનદમંત્રીઓ અને સર્વે હોદ્દેદારો તરફથી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સર્વે મહેમાનોએ અલ્પાહાર લઈ પોતાની બેઠકોમાં સ્થાન મેળવ્યું હતું.

**આજના શુભ પ્રસંગે દીપ પ્રાગટ્ય માટે દાતાશ્રીઓ અને Awardees સ્ટેજ પર આવેલા.**

<u>દીપક સ્ટેન્ડ નં. ૧:</u>

- **અમીરાઈના પ્રતિકરૂપે પાટણ યુવા રત્ન શ્રી દર્શીલ સફરી સાથે એમના માતુશ્રી શીતલબેન**
- **શ્રીમતી તરુલતાબેન નવીનચંદ્ર ખુબચંદ:**
  દાયકાઓ પૂર્વે આ પરિવારે મરીન ડ્રાઈવ જેવા વિસ્તારમાં પાટણના મધ્યમ વર્ગના પરિવારોને રહેઠાણ આપવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. એમના પતિશ્રીએ પાટણ જૈન મંડળના ટ્રસ્ટી તરીકે તેમજ પાટણ બેન્કમાં વર્ષો સુધી ડાયરેક્ટર તરીકે સેવા આપી હતી.
- **સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (S.K.Group) - શ્રી લલીતભાઈ પોપટલાલ :**
  પાટણ જૈન મંડળનો મુખ્ય ઉદ્દેશ એજ્યુકેશન છે. એસ. કે. ગ્રુપે એજ્યુકેશનમાં સૌથી વધુ આર્થિક યોગદાન આપ્યું છે એની અનુમોદના.
- **શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા:**
  શેરબજારના આગેવાન વેપારી, દાનવીર અને માર્ગદર્શક- Our Friend, Philosopher and Guide. સમુહલગ્ન આયોજનના દાતાશ્રી.
- **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ :** પ્રમુખ, મેનેજીંગ ટ્રસ્ટી અને પાટણ કો-ઓપરેટીવ બેન્કના ૬ વર્ષથી ચેરમેન.

<u>દીપક સ્ટેન્ડ નં. ૨:</u>

- **ખમીરાઈના પ્રતિકરૂપે પાટણના યુવા રત્ન શ્રી સમીર ઝવેરી:**
- **શ્રી નીતીનભાઈ જયંતિલાલ શાહ (USA):**
  વર્ષોથી અમેરિકાના શીકાગોમાં સ્થાયી થનાર અને કેમીકલ્સના સફળ વ્યવસાયી એવા શ્રી નીતીનભાઈનું મંડળમાં એજ્યુકેશન માટે ઘણું મોટુ યોગદાન છે.
- **શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ :**
  ફાર્માસ્યુટીકલ માર્કેટના સફળ વ્યવસાયી, પાટણ ભોજનશાળામાં આર્થિક યોગદાન આપનાર પરિવાર.
- **શ્રી જતીનભાઈ ચંદ્રકુમાર ઝવેરી (સાહેબા) :**
  સાંસ્કૃતિક પ્રોગ્રામ અને ટેલન્ટ પરેડના મુખ્ય દાતાશ્રી. સને ૧૯૯૨ થી મંડળને અવારનવાર મહત્વના દાન આપનાર.
- **શ્રી વિરેન્દ્ર પોપટલાલ શાહ :**
  મંડળના ઉપપ્રમુખ અને પાટણ ડોનર્સ ફાઉન્ડેશનના કન્વીનર.
- **શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ,** પાટણ ડોનર્સ ફાઉન્ડેશનના કન્વીનર
  યુવા તુષારને પારણામાં જ સમાજસેવાના સંસ્કાર મળ્યા હતા. એમના દાદાશ્રી કેશરીચંદભાઈએ ૩૦ વર્ષ સુધી સતત પાટણ જૈન મંડળના ટ્રસ્ટી તરીકે સેવા આપી અને આ દાનવીર પરિવારે પાટણ જૈન મંડળને આજ સુધીમાં **Highest Donation** આપ્યું છે, એનું અમને ગૌરવ છે.

<u>દીપક સ્ટેન્ડ નં. ૩:</u>

- **ચતુરાઈના પ્રતિક રૂપે પાટણ યુવા રત્ન શ્રી દેવ શાહ:**
- **શ્રી બાબુ ભરતભાઈ રાજેન્દ્રભાઈ ઝવેરી :**
  જે દહેરાસર માટે દરેક પટણી ગૌરવ લઈ શકે તેવા વાલકેશ્વરના બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વર દહેરાસરના સંચાલક ભરતભાઈ હંમેશા પાટણ સમાજની પ્રગતિ માટે તત્પર રહેલ છે.
- **શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ:**
  ધર્મપ્રિય શ્રેષ્ઠીવર્ય શ્રી નવનીતલાલ મણીલાલ તથા તેમના માતુશ્રી શ્રીમતી જાસુદબેનની સ્મૃતિમાં ધાર્મિક અને સામાજિક ઉત્થાનમાં નિરંતર દાનની ગંગા વહેતી કરનાર શ્રી નરેશભાઈને ખૂબ ખૂબ અભિનંદન.
- **શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ:**
  પાટણ પ્રેમી, પાટણના યુવાનોને ઉદ્યમ માટે મદદગાર બનનાર શ્રી મહેન્દ્રભાઈનું પાટણ બેન્કમાં પણ પાયાનું

# પાટણના યુવા રત્નો

| અમીરાઈ-દર્શીલ સફરી | ખમીરાઈ-સમીર ઝવેરી | ચતુરાઈ-દેવ શાહ |
| --- | --- | --- |



ટ્રસ્ટી શ્રી પ્રદીભાઈ રમણલાલ અને શ્રી રમેશભાઈ છબીલદાસ



પ્રમુખ શ્રી દિનેશભાઈ એસ. શાહ અને મંડળના પાયાના કાર્યકર શ્રી જે. કે. શાહ



મંડળના ટ્રસ્ટી શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ અને શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ

પ્રમોટર ડાયરેક્ટર અને ચેરમેન તરીકે યોગદાન રહેલ છે.

- **શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (બચુભાઈ):**
  પાટણ બોર્ડીંગમાં અદ્ભુત ૩ ગભારા, ૩ શિખર યુક્ત આરસનું દહેરાસર બનાવનાર, **Each One - Teach One**ના પ્રણેતા અને શ્રુતજ્ઞાનના ઉપાસક.

દિપ પ્રાગટ્ય બાદ શ્રી પાટણ જૈન મંડળ તરફથી મંડળના ટ્રસ્ટીઓ દ્વારા ૩ યુવાનોને **''પાટણ યુવા રત્ન''**ના બિરૂદથી નવાજ્યા હતા અને તેઓની **Video Clip** પ્રોજેક્ટ કરી હતી જે ખૂબ જ **informative** અને **impressive** હતી. **તેઓશ્રીને પાટણ જૈન મંડળ તરફથી ટ્રસ્ટીઓએ જગવિખ્યાત પાટણની World Heritage રાણકીવાવની ભવ્યાતિભવ્ય ટ્રોફી એનાયત કરી હતી.**

- **અમીરાઈના પ્રતિક રૂપે દર્શીલ મીતેશભાઈ સફરી,** જે અમીરખાનના 'તારે ઝમીન પર' દ્વારા રાષ્ટ્રીય સ્તરે પ્રકાશમાં આવેલ તેમને **''પાટણ યુવા રત્ન''ની ટ્રોફી મંડળના ટ્રસ્ટીઓ શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ અને શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરીએ એનાયત કરી હતી.**
- **શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ :**
  પાટણ જૈન મંડળના ટ્રસ્ટી અને જેમના રોમેરોમમાં પાટણ પ્રત્યે પ્રેમ વસેલો છે. **એવા શ્રી પ્રદિપભાઈ પાટણમાં ભોજનશાળા, પાંજરાપોળ જેવી અનેક સંસ્થાઓના મેનેજમેન્ટમાં યોગદાન સાથે મહત્વનો આર્થિક સહયોગ આપી રહ્યા છે.** મંડળની વિવિધ મેડીકલ યોજનાઓમાં તેમના પરિવારે દાન આપેલ છે સૌ દાનવીરો માટે અનુકરણીય છે.
- **શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી:**
  પાટણ જૈન મંડળના ટ્રસ્ટી, ઓલ ઈન્ડિયા આર્ટીફીશીયલ જ્વેલેરીના આગેવાન વેપારી, પાટણપ્રેમી દાનવીર.
- **ખમીરાઈના પ્રતિક સમા શ્રી સમીર વિજયભાઈ ઝવેરીએ** ટ્રેન એક્સીડન્ટમાં બન્ને પગ ગુમાવ્યા પછી પણ હિમ્મત હાર્યા વગર રેલ્વે પ્રવાસીઓની સુરક્ષાના પ્રશ્ને સરકાર સાથે લડત ચલાવી સફળતા પ્રાપ્ત કરી રહ્યા છે **તેમને ''પાટણ યુવા રત્ન''ની ટ્રોફી પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ શાંતીલાલ અને સંસ્થાના પાયાના કાર્યકર શ્રી જે.કે. શાહે એનાયત કરી હતી.**
- **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ :** મંડળના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી તેમજ પાટણ બેન્કના છેલ્લા છ વર્ષથી સફળ ચેરમેન.
- **શ્રી જે.કે. શાહ :** પાટણના સૌથી **senior most CA**, વર્ષો સુધી પાટણ જૈન મંડળના ટ્રસ્ટી અને મંડળમાં ૯ વર્ષ સુધી બીન હરીફ અને સર્વ સંમત્તીથી થયેલ પ્રમુખ તરીકે સેવા આપનાર, જેઓના હૈયે હંમેશા સંસ્થાનું હિત રહેલું છે.
- **પાટણની ચતુરાઈની ઓળખ** સમા બ્રાઝિલ ખાતે અંડર ૭ વર્લ્ડગ્રુપ ચેસ ચેમ્પિયનશીપમાં 'રેટેડ ચેસ પ્લેયર'નું બિરુદ પ્રાપ્ત કરનાર ચિ. દેવ રાહુલભાઈ શાહનું બહુમાન તથા **''પાટણ યુવા રત્ન''ની ટ્રોફી ટ્રસ્ટીઓ શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ તથા શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહે એનાયત કરી હતી.** (શ્રી દેવ શાહ અમદાવાદ ખાતે ચેસ ચેમ્પિયનશીપમાં ભાગ લઈ રહ્યા હોવાથી હાજર રહી શક્યા ન હતાં માટે તેમના દાદા આ સન્માન લેવા આવેલ.)
- **શ્રી નીરંજનભાઈ અમૃતલાલ શાહ:**
  પાટણ જૈન મંડળના ટ્રસ્ટી, હીરાના આગેવાન વેપારી, **જીવદયા પ્રેમી અને પાટણ પાંજરાપોળને મુખ્ય ડોનેશન આપનાર.**
- **શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ:**
  પાટણ જૈન મંડળના ટ્રસ્ટી, ધર્મપ્રિય અને વિકલાંગ વ્યક્તિઓની સેવામાં યોગદાન આપનાર.

સર્વે દાતાશ્રીઓને આપણા સમાજની કાર્યકર બહેનો શ્રીમતી જ્યોતિબેન રોહિતભાઈ, શ્રીમતી મોનીકાબેન સંજયભાઈ, શ્રીમતી કૃતિકાબેન સંદીપભાઈ, શ્રીમતી ચારૂબેન તુષારભાઈ, શ્રીમતી માલવબેન ચિરાગભાઈ, શ્રીમતી મિનળબેન બિમલભાઈ અને શ્રીમતી સોનલબેન વિશાલભાઈ દ્વારા શુભેચ્છાના પ્રતિક રૂપે પુષ્પ ગુચ્છ અર્પણ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ આપણા સમાજના પ્રત્યેક પરિવારજનોનું ઓળખપત્ર સમુ, Family મેડીકલ કાર્ડ તૈયાર કરવામાં આવ્યા

છે તેનું ઉદ્‌ઘાટન મેડીકલ સમિતિના સેક્રેટરીઓ **સંજયભાઈ રમેશચંદ્ર, નિખિલભાઈ રવિન્દ્રભાઈ અને દાતાશ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ** પરિવારે સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, ઉપપ્રમુખો શ્રી દાનેશભાઈ માટલીવાળા અને શ્રી રોહિતભાઈ મહાસુખભાઈને અર્પણ કર્યું હતું. આ સાથે પાટણના જૈન ફેમિલીની ઓળખ અને મુંબઈ ખાતેની મેડીકલ યોજનાઓમાં લાભ લેવા માટે આઈડી કાર્ડ આપવાનું સંસ્થાનું સ્વપ્ન સાકાર થયું. **આ કાર્ડના સૌજન્ય દાતા શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ પરિવાર રહેલ.**



પાટણ પરિવાર ઓળખ કાર્ડ – પ્રમુખશ્રીને અર્પણ કરતા શ્રી અને શ્રીમતી તુષારભાઈ પ્રવિણચંદ્ર

તા. ૧૪-૬-૨૦૧૫ના રોજ સમાજના અપરણિત યુવક-યુવતીઓનું સ્નેહ મિલન યોજવામાં આવેલ. તેમાં **શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળા અને શ્રી દિપકભાઈ કીર્તિકુમાર શાહ તથા જીવન મહેક સમિતિ** દ્વારા તૈયાર કરવામાં આવેલ લગભગ ૨૨૫ યુવક-યુવતીઓના સંપૂર્ણ બાયોડેટા ફોટા સાથેની પરિચય પુસ્તિકાનું ઉદ્‌ઘાટન કરવા માટે **સૌજન્ય દાતા શ્રી મનિષભાઈ ભગવાનદાસ શાહે (ચેન્નઈ), મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા ઉપપ્રમુખો શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ અને શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહને** અર્પણ કરાતા પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પાટણના લગભગ તમામ દાનવીરોએ હાજરી આપી હતી અને પ્રસંગને અનુરૂપ **''મોતીશા શેઠ''** નાટકનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહે આ પ્રસંગે એમના



જીવન મહેક – પરિચય પુસ્તિકાનું વિમોચન



મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાહ



સંચાલિકા રેખાબેન વીરા



ઉપપ્રમુખ શ્રી વી. પી. શાહ

સંક્ષિપ્ત સંબોધનમાં જણાવ્યું હતું કે, કાર્યકરોની બહોળી ટીમ સમાજની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે મહેનત કરી રહી છે. **રવિવારે અપરિણિત યુવક-યુવતીઓનું સ્નેહ સમ્મેલન, જુલાઈમાં સીનીયર સીટીઝન્સ માટે અને નવેમ્બરમાં ટેલન્ટ પરેડ જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.** આ ઉપરાંત સંસ્થાના આર્થિક માળખાની જાણકારી આપતા એમણે જણાવ્યું હતું કે હાલમાં મંડળ પાસે લગભગ રૂા. ૧૮ કરોડનું ફંડ છે. જેનું વ્યાજ રૂા. ૧.૪ કરોડ આવે છે. સમાજની શિક્ષણ અને મેડીકલ માટેની તાતી જરૂરિયાતો જોતાં બજેટ બમણું જરૂરી છે. આ માટે એવી લગભગ દોઢ કરોડની જરૂરિયાત પાટણ ડોનર્સ ફાઉન્ડેશન પૂરી પાડશે તેવી અમને આશા છે.



વાય. બી. ચૌવ્હાણ હોલમાં ઉપસ્થિત સભાજનો

મંડળના ઉપપ્રમુખ શ્રી વીરેન્દ્રભાઈ પોપટલાલ શાહે ઉદ્‌બોધન કરતાં કહ્યું કે, પાટણ ડોનર્સ ફાઉન્ડેશનનો આ પ્રથમ પ્રોગ્રામ યોગાનુ યોગે, મોતીશા શેઠથી પ્રારંભ થાય છે. **મોતીશા શેઠની ગૌરવગાથા અને પાટણના શ્રેષ્ઠીઓના ઈતિહાસ વચ્ચે ઘણી સામ્યતા છે.** મોતીશા શેઠે મુંબઈ અને પાલીતાણામાં ૨૦૦ વર્ષ પૂર્વે મહત્વના જૈન દેરાસરો બનાવ્યા અને આપણા પાટણના વડવાઓએ પણ સૈકાઓ પહેલાં અનેક જૈન દેરાસરો બનાવેલ અને **પટ્ટણીઓ આજે પણ આ સો જેટલા દેરાસરોની જાળવણી અને સાચવણી, જતન પૂર્વક કરી રહ્યા છે**, ત્યારે જ સાચા અર્થમાં **આપણું પાટણ જૈન તીર્થ નગરી બનેલ છે.**

**We are fortunate that પાટણના અનેક મોતીશા શેઠ**

**આજે અહીંયા હાજર છે.** આ સાથે પાટણ ડોનર્સ ફાઉન્ડેશનની શુભ શરૂઆત થાય છે, **કે જેથી પાટણ જૈન મંડળ એના ડોનર્સ સાથે સંપર્કમાં રહી શકે તેનો લાભ આખા સમાજને મળે એજ માત્ર આનો ઉદ્દેશ છે.**

અત્યારે મંડળમાં દોઢસો સક્રિય કાર્યકરો પોતાનું યોગદાન આપી રહેલ છે, પાટણના સઘળા દાનવીરો સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી પ્રમુખશ્રી દિનેશભાઈની અને પાટણ ડોનર્સ ફાઉન્ડેશનની કન્વીનર્સની ટહેલને જરૂરથી પૂરી પાડશે એવો અમોને વિશ્વાસ છે. **દર વર્ષે રૂા. ૧ લાખથી વધુ દાન આપનાર પરિવારને તેમજ જેમણે પાટણ જૈન મંડળને અત્યાર સુધી રૂા. ૧૧ લાખથી વધુનું દાન આપ્યું હશે તેમને આ ડોનર્સ ફાઉન્ડેશનના ભવિષ્યના પ્રોગ્રામોમાં આમંત્રણ અપાશે.**

સંચાલકો મંડળની બધી પ્રવૃત્તિઓની ગુણવત્તા વધારવાનો પ્રયત્ન કરી રહ્યા છે. દાખલા તરીકે પ્રતિબિંબને યુવા વર્ગ પણ વાંચે એવી રીતે ઈંગ્લીશમાં અમુક લેખો આવશે. **જીવન મહેક, જીવન સૌરભ અને પ્રોગ્રામ સમિતિ વિગેરેના કાર્યક્રમોમાં પણ આપ quality improvement જોશો અને અનુભવશો. પરિવર્તનનો પ્રયત્ન કરતાં કરતાં પાટણ સમાજની પ્રગતિ સાધવી છે.**

**સબકા સાથ, પાટણ સમાજકા વિકાસ.**

**વર્ષ ૨૦૧૬ના અંતમાં શ્રી પાટણ જૈન મંડળની ભવ્યાતિભવ્ય full dayની શતાબ્દી ઉજવણીનું આયોજન કર્યું** છે જેમાં ભારતના દિગ્ગજ રાજકારણીઓ અને Top જૈન ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો હાજર રહેશે. પાટણ સમાજની પ્રતિષ્ઠા ઘણી વધશે અને **તેનું સંચાલન કરશે આપણું નવુ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ, જે Resourceful, Successful અને અનુભવી શ્રેષ્ઠિઓનું બનેલ છે.**

આપણે સૌ સાથે મળી સમાજના નવનિર્માણના આ ભગીરથ કાર્યને સફળ કરીએ. સાથી હાથ બઢાના... મિલકર બોજ ઉઠાના... ને પગલે ચાલીએ. આપ સૌના સહકારની અમો અપેક્ષા રાખીએ છીએ, જેથી પાટણ સમાજ, ઈતર સમાજમાં એક આદર્શ ઉદાહરણ બને. **પટ્ટણીઓની અમિરાઈ, ખમીરાઈ અને ચતુરાઈ આપણા યુવાનોની અને આપણા સૌની ઓળખ બની રહે.** **આપણે** કેવા પાટણ સમાજની કલ્પના કરીએ છીએ? **સુશિક્ષિત પાટણ, સ્વસ્થ પાટણ, સમૃદ્ધ પાટણ, સ્વાવલંબી, સ્વાભિમાની સંસ્કારી અને સશક્ત પાટણ અને સ્નેહસભર એટલે જ પાટણની પ્રભુતા.**

પાટણ ડોનર્સ ફાઉન્ડેશનના આજના કાર્યક્રમની કાર્યવાહિમાં ડોનર્સ ફાઉન્ડેશનના કાર્યકરોએ તથા મંડળના માનદ્‌મંત્રીઓ **શ્રી અશ્વિનભાઈ પનાલાલ શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** તથા ફાયનાન્સ સેક્રેટરી **શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા**નો ઉત્તમોત્તમ સહયોગ પ્રાપ્ત થયો હતો.

સૌ પટ્ટણીઓના સહકારની અપેક્ષા સહ...

## Program of Patan Donors' Foundation on Saturday, 13th June :

- Very First program of Patan Donors' Foundation of Shree Patan Jain Mandal received tremendous response from Donors and Members alike.



*A Scene from Motisha Sheth* Play

- On this occasion, ***Motisha Sheth*** Play was organised.
- Patanis are famous for their ***'Ameerai, Khameerai & Chaturai'*** and accordingly it was decided to reward 3 Young Patanis in recognition of their talent and to appreciate and encourage them.
- Young talented artist **Darsheel Safary** who gave outstanding performance as a child artist in Amir Khan's popular movie - ***'Tare Zameen Par'***. He was given the Memento as **Patan Yuva Ratna** at the hands of our **Trustees Shri Pradipbhai Ramanlal and Shri Rameshbhai Chhabildas Jhaveri.**
- Similarly **Patan Yuva Ratna** for ***Khameerai*** was awarded by **Managing Trustee Shri Dineshbhai Shantilal and J K Shah** who has the longest tenure of Trusteeship of Shree Patan Jain Mandal, to **Shri Samir Zaveri** for his spirited representation and effective protest against Railway Authorities for improving the safety of commuters in Mumbai while he himself had lost his both legs in an unfortunate Train accident at a young age.
- Memento for **Patan Yuva Ratna** for ***'Chaturai'*** was given to young **Dev Shah** by **Trustees Shri Niranjan Amrutlal & Shri Bhadrakumar Manilal.**

***Chatur* Dev Shah** has mastered the Art of Chess and won accolades by winning World Youth Chess Championship at a tender age of 7 in under-7 World Schools Chess Championships in Brazil. **He is also the youngest Indian to become a rated Chess Player.** We are indeed proud of achievements of all **3 Patan Yuva Ratnas.**

- **Holy performance of Deep Pragatya** was done by 3 Awardees and the Donors of the Mandal namely, Smt Tarulataben Navinbhai Khubchand, Sevantilal Kantilal Trust represented by Shri Lalitbhai Popatlal, Pramod Premchand Teliyawala, Dinesh Shantilal, President of Mandal, Nitinbhai Jayantilal Shah (USA), Ravibhai Sevantilal, Jatin Chandrakumar Jhaveri, Virendra P Shah, Tushar P Shah, both Conveners of Donors' Foundation, Babu Bharatbhai Rajendra Jhaveri, Nareshbhai Navnitlal, Mahendrabhai Popatlal and Mahasukhbhai Popatlal (Bachubhai).
- Shri Dineshbhai Shantilal, President of PJM and Virendra P Shah, 1st Vice President of PJM, addressed the 550 strong gathering.
- Objective of Patan Donors' Foundation has been to ensure good rapport between Donors and the Mandal so that Donors **come forward heartily to meet the financial requirements of Mandal and the Society.**
- After considering the interest income of Rs 1.4 crores every year, it has become necessary to find new donors whereby at least Rs 1.5 crores is collected from them every year.
- **It is our firm belief that with cooperation of all, we can certainly improve the quality of life of all Patanis. Mandal seeks everyone's support and cooperakan.**

## મંડળની સંયુક્ત સભ્યોની કાર્યવાહક - વર્કિંગ કમિટિ મીટીંગનો અહેવાલ

ગુરુવાર તા. ૩-૬-૨૦૧૫ના સાંજે મંડળની કાર્યવાહક સમિતિના એટલે કે ટ્રસ્ટીઓ અને પ્રત્યેક સમિતિના બધા સભ્યોની એક **સંયુક્ત ૧૫૦ જણાની બહોળી ટીમની મીટીંગ મંડળના હોલમાં મળી હતી.**

આ વર્કિંગ કમિટિનો **ઉદ્દેશ સંસ્થાની બધી જ પ્રવૃત્તિઓને વેગ મળે, તેમજ બધા સક્રિય સભ્યોને સંસ્થાની મહત્વની પ્રવૃત્તિઓની જાણકારી મળે કે જેથી સમાજમાં સંસ્થાની ગતિવિધિઓની વિસ્તૃત જાણકારી આપી શકે.**

આ બધી સમિતિઓને અસરકારક બનાવવા દરેક મીટીંગનો એજેન્ડા, મીટીંગ બાદની મીનીટ્સ અને એના પરિણામ સ્વરૂપે નક્કી કરેલ કાર્યોનો **effective** અમલ થાય તેવી કાર્યવાહી નક્કી કરવી.

દરેક સમિતિએ સપ્ટેમ્બર સુધીના તેમના ઉદ્દેશો અને કરવામાં આવનાર કાર્યોનો ચિતાર આપ્યો. આ બાબતે અન્યોના મંતવ્યો પણ રજૂ થયા એ પ્રમાણે દરેક સમિતિઓ કાર્યરત થઈ. હવે પછી ફરી સપ્ટેમ્બર સુધી કરેલ કાર્યોનું અવલોકન ઓક્ટોબર / નવેમ્બરમાં થનાર મીટીંગમાં કરાશે.

જે વખતે દરેક સમિતિના મંત્રીઓ, આવતા ૬ મહિનાના કાર્યોના લક્ષ્યાંક રજૂ કરશે. આ રીતે મંડળની કાર્ય પદ્ધતિને **Collective** અને **Co-operative** working ની પ્રાધાન્યતા આપી તેને effective / અસરકારક બનાવાશે.

### મંડળના સમાન્ય સભાસદો જોગ

શ્રી પાટણ જૈન મંડળના જે સામાન્ય સભાસદોનું ત્રિવાર્ષિક લવાજમ તા. ૩૧-૩-૨૦૧૫ના દિને પૂરું થયેલ છે તેઓએ તા. ૧-૪-૨૦૧૫થી શરૂ થતાં નવા સત્ર માટેનું ત્રિવાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- સમયસર ભરવું આવશ્યક છે.

મંડળના મુખ્ય કાર્યાલય, મરીનડ્રાઈવ ઉપરાંત ગોરેગામ તથા રતનનગર, બોરીવલી અને પાટણ ખાતેના કાર્યાલયમાં પણ આપના લવાજમની રકમ ભરી શકો છો.

માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન)


।।શ્રી શંખેશ્વર ધીયા પાર્શ્વનાથાય નમઃ।।

**અલ્પા મેરેજ બ્યુરો**

**પાટણ સમાજનું મેરેજ બ્યુરો**

જ્યાં આપને મળશે તમારી પસંદગીના જીવનસાથી
શ્રીમતી અલ્પા શાહ - ૯૯૩૦૬૨૪૭૫૯

Email: alpashah5@yahoo.co.in ADVT

# જીવન મહેક - સ્નેહ મિલન સમારોહ



જીવન મહેક સમિતિના વક્તા
શીતલબેન નિલેશભાઈ



કાર્યક્રમના મુખ્ય સંચાલિકા
રેખાબેન વીરા



જીવન મહેક સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય

અપરિણીત યુવક યુવતી સ્નેહમિલન સમારોહ રવિવાર તા. ૧૪ જૂને આજીવાસન હોલ, સાંતાક્રુઝ ખાતે ખુબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

પોતાના માતાપિતા સાથે આવેલા યુવક-યુવતીઓને સંસ્થાના કાર્યકરો દ્વારા સ્નેહ ભર્યા આવકાર મળ્યો. આવકાર બાદ દરેકના રજીસ્ટ્રેશનની કાર્યવાહી કરી તેઓને રજીસ્ટ્રેશન નંબર સાથેનુ આઈડેન્ટીટી કાર્ડ આપવામા આવ્યુ હતું.

હોલમાં પ્રવેશ સમયે યુવતીઓને, યુવકોના ફોટોગ્રાફસ-બાયોડેટા સાથેની પુસ્તિકા અને યુવકોને યુવતીઓના બાયોડેટા સાથેની પુસ્તિકા આપવામાં આવી હતી. સવારે ૯.૩૦ સુધીમાં સમગ્ર હોલ House Full હતો. સૌનુ સમયસરનુ આગમન એજ આજના **કાર્યક્રમની પહેલી સફળતા બની હતી.**

નવકારમંત્રના સ્મરણથી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. જીવન મહેક સમિતીના વકતા **શ્રીમતી શીતલબેન નિલેશભાઈ શાહે સંસ્થાનો પરિચય, જીવન મહેકનો ધ્યેય અને આજના આયોજનનો આછો ચિતાર આપ્યો હતો,** તેઓએ સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ, ઉપપ્રમુખો શ્રી વી. પી. શાહ, શ્રી રોહિતભાઈ મહાસુખલાલ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ, શ્રી દાનેશભાઈ વિનોદભાઈ માટલીવાળા તેમજ શ્રી હિતેનભાઈ વીમાવાળા, શ્રી મુકેશભાઈ સેવંતીલાલ, શ્રી વિનેશભાઈ અરવિંદભાઈ, શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ આજના સમારંભના સહયોગી શ્રી મનીષભાઈ ભગવાનદાસ, ટ્રસ્ટી શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી અને અન્ય હોદેદારોને સ્ટેજ ઉપર આવવા નિમંત્ર્યા હતા, જીવન મહેક સમિતિના સભ્યો સહીત સૌએ સાથે મળી દીપ પ્રાગટય કરી સમારોહની શરૂઆત કરી હતી.

૫૫૦થી વધુ હાજરીવાળા સભાગૃહનો હવાલો આજના કાર્યક્રમના મુખ્ય સંચાલિકા શ્રીમતી રેખા વીરાએ સંભાળ્યો હતો.

તેમણે સૌ પ્રથમ પોતાની આગવી શૈલીમા સૌને આજના સ્નેહ મિલન સમારોહની જરૂરીયાત અને મહત્તા સમજાવી.

**Wide Choice, Bright Choice અને Right Choice** એજ આવા સમારંભોમાં સામેલ થવાનું ધ્યેય હોય છે કાર્યક્રમની શરૂઆત પહેલા સૌને ડર હતો કે પોતાના પેરેન્ટસ સાથે સ્ટેજ ઉપર જઈ ઈન્ટ્રોડકશન આપવાનો, પરંતુ રેખા વિરાની



સભાજનો LEDની મોટી સ્ક્રીન પર પ્રોગ્રામ મ્હાણી રહ્યા છે

૧૦ મિનિટની પ્રભાવશાળી સ્પીચે યુવક-યુવતીઓને આ માટે ખુશીભેર તૈયાર કર્યા હતાં. પછી તો જે યુવક-યુવતીના નામની જાહેરાત થતી તેઓ સ્વેચ્છાએ સ્ટેજ પર આવી પહોચતા **કાર્યક્રમની આ બીજી સફળતા હતી.**

દરેક કેન્ડીડેટને પોતાના ઈન્ટ્રોડક્શન અને ટેલેન્ટને બતાવવાની તક આપવામાં આવી હતી, ટેલેન્ટેડ પાત્રને સંચાલકન દ્વારા પૂછાતા પ્રશ્નોથી વધુ ખુલવાની તક મળતી હતી. સાથે સાથે હાઉસમાં બેઠેલા પેરન્ટસને પણ આજના મોર્ડન યુવક-યુવતીઓના માનસને જાણવાની તક સાંપડી હતી.

પાંચ-પાંચની બેચમાં સૌ સ્ટેજ પર આવ્યા હતા તેની સાથે જ હાઉસમાં બેઠેલા પેરન્ટસ પોતાના પાત્રને યોગ્ય એવા ઉમેદવારોની યાદી બનાવતા હતાં. કાર્યક્રમના પહેલાં ૪ કલાક દરમ્યાન સ્ટેજ પર આવનાર યુવક-યુવતીના પાત્ર અને પ્રસંગ અનુરૂપ સંચાલકે લગભગ ૮ ફિલ્મી ગીતો ગાયા હતા જે હાઉસમાં બેઠેલા સૌ માટે મનોરંજક રહ્યા હતા.

યુવક-યુવતીઓમાં C.A., એન્જીનીયર્સ, MBA, ડોકટર્સ જેવી માસ્ટર ડીગ્રી ધરાવતા ૪૦ થી વધારે કેન્ડીડેટ હતા જે આજના પ્રસંગનું વિશેષ જમા પાસુ હતું. આમાં મોટા ભાગના નામી કંપનીઓમાં કામ કરતાં હતાં જે ગૌરવની વાત છે. આવેલ કેન્ડીડેટના વ્યક્તિત્વથી સૌ કોઈ પ્રભાવીત થયા હતાં. પેરન્ટસ અને યુવક-યુવતી સૌએ આ સમારંભમાં આવવાનો સંતોષ માણ્યો હતો. સાથોસાથ હાજર નહીં રહેવા બદલ સમાજના ઘણા શ્રેષ્ઠીઓને અફસોસ થાય એવુ સુંદર સમાજોપયોગી આયોજન થયું હતું.

લગભગ ૧.૪૫ કલાકે યુવા પરિચયનો કાર્યક્રમ પુરો થયો, ત્યારબાદ સૌએ સ્વાદિષ્ટ ભોજન લઈ લગ્ન ઈચ્છુક ઉમેદવારોની મીટીંગોનું આયોજન કર્યું હતું. આ ૧।। કલાક દરમ્યાન સારી સંખ્યામાં મીટીંગો થઈ હતી. એકંદરે સૌના પ્રયાસોથી આ આયોજન સફળ નિવડયું હતું.

આજના સમારંભના સહયોગી મદ્રાસ સ્થિત કનાસાના પાડાના શ્રી મનીષભાઈ ભગવાનદાસ શાહનું બુકે અર્પણ કરી બહુમાન કરાયુ હતું. સંસ્થાએ એમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરેલ. સોનામાં સુગંધ ભળે તેમ મનીષભાઈએ પણ ૧૫ ઓગસ્ટ પહેલાં સગપણ કરનાર દંપતીને સોનાની ગીની આપવાની જાહેરાત કરી હતી. આ સમારંભને લીધે ડિસેમ્બર ૨૦૧૫ પહેલાં લગ્ન કરનાર જરૂરિયાતવાળા પહેલા પાત્રને મનીષભાઈએ આર્થિક સહાય આપવાની પણ તૈયારી દાખવી હતી.

આ કાર્યક્રમની સફળતા સંસ્થાના સંચાલકો તેમજ સમિતિના મંત્રીઓ, જીવન મહેક સમિતિના સભ્યો તેમજ સંસ્થાના કર્મચારીઓની અથાગ મહેનતને આભારી છે. પુસ્તિકાનું વિનામૂલ્યે પ્રિન્ટીંગ કરી આપવા બદલ Compex Systemના શ્રી ભરતભાઈ જૈન તથા તેમને પ્રેરણા આપનાર શ્રી સંજયભાઈ રમેશચંદ્રનો પણ જીવન મહેક સમિતિ આભાર માને છે. ઉપરાંત સમારંભમાં ભાગ લેનાર યુવક-યુવતીઓ જીવનમાં આદર્શ જીવનસાથી મેળવી સુખી દાંપત્યજીવનનો પ્રારંભ કરે એવી શુભેચ્છા વ્યક્ત કરે છે.

**- જીવન મહેક સમિતિ**

અપરિણિત યુવક-યુવતીઓના ફોટા અને બાયોડેટા સહીતની જુજ પુસ્તિકાઓ બાકી છે, જે પુસ્તિકા દીઠ રૂા. ૧૦૦ આપી, મંડળની ઓફિસમાંથી વહેલા તે પહેલાના ધોરણે મેળવી લેવા વિનંતી.



જીવન મહેકના કાર્યક્રમની સફળતાની ટીમના સાથીદારો

## Sneh Milan Samaroh of Unmarried Boys & Girls on Sunday, 14th June :

- **This get-together organised by Jeevan Mahek found instant success and had overwhelming response from 250 Patani Candidates.**

- **The program was well compeered by a well-known expert Ms Rekha Vira while it lasted for 6 hours and was well attended by over 550 Patanis.**

- The get-together was extremely impressive with well mannered boys and girls who were very well educated with even Post Graduate qualifications or with additional Diploma after their Graduation.

- The candidates were oozing with confidence and they displayed economic independence in their lifestyle where many of them have been working in large well known Indian or Multinational Companies.

- **Shri Manishbhai Bhagwandas** of Chennai was kind enough to sponsor. **Shri Sanjaybhai Rameshchandra** took pains by excellent printing of Boys' and Girls' booklet with their photo and Bio Data.

- **Shri Hitenbhai Vimawala, Shri Bhavesh Sudhirbhai, Ms Mona Vimlesh and Ms Nisha Dipesh** went out of their way to make this program a great success, along with full support from all members of Jeevan Mahek and the PJM staff.

**પાટણની ગૌરવ ગાથા**
જુલાઈ ૨૦૧૫ના અંકથી
લેખમાળા રજૂ થશે. વાંચવાનું ચૂકતા નહીં.

(સંસ્થા સમાચાર) **A.P. Shah institute of Technology** (Religious Jain Minority Institution)
Admission open for 4 year's Degree Course

**Courses/Offered:** Civil Engineering, Computer Engineering, Electronics and Telecommunication Engineering, Information Technology, Mechanical Engineering. First Preference will be given to JAIN MINORITY candidates for more details, contact. Survey No. 12, Opp Hypercity Mall, Kasarvadavali, Ghodbunder Road, Thane (W) - 400615. Tel : 25973737/38 - Fax : 25973739 - Web Site : www.apsit.org.in

Also other institutes in Mumbai, **Shah & Anchor Kutchi Eng. College, Chembur,** offered Admission for MMS to First year student from Jain Religious Minority. More details, contact - 25580854 or mail@shahandanchor.com

## ૬૩ કલ્યાણભૂમિ સ્પર્શના વંદન

સહર્ષ જણાવવાનું કે પાટણના ઉદાર દિલ દાતાઓના સહકારથી સાધાર્મિકોને નવ નવ વર્ષથી યાત્રા કરાવવાનું આયોજન કરી રહ્યા છીએ. તેમનો આભાર માનીએ છીએ.

શ્રી સિદ્ધગીરી, ગીરનારજી, જેસલમેર, સમેતશિખર પંચ તીર્થ, કચ્છ પંચતીર્થ, ચિતોડગઢ, ઉદયપુર, માઉન્ટ આબુ, દેલવાડા, પાવાપુરી, ભેરૂતારક, જીરાવાલા, શૌર્યપુરી, કપીલપુર, અહિછત્રા, હસ્તીનાપુર, આગ્રા, દિલ્હી, કુલપાકજી, પેડુટુંબલમ, કાકટુર, હીંકારતીર્થ, હૈદ્રાબાદ, ચૈતન્યપુરતીં, અંબાલા, એટવાલી, ચંદીગઢ, સુમન, માલેકોટલ, કપુરથાલા, રાજકોટ, લુધીયાના, જીરા, પટ્ટી, અમૃતસર, કંગારાતીર્થ, જલંધર, આદી પંજાબના તીર્થોની યાત્રા કરાવેલ.

આ વખતે આવતા મહા મહિનામાં (૨૩-૨-૨૦૧૬ થી ૭-૩-૨૦૧૬) કોઈપણ ઉંમરના ૭૦ સધાર્મિકોને ૧૭ અરીહંત ભગવંતોના કુલ ૬૩ કલ્યાણક ભુમિની (શાહપુરી - ૨, કેપીલા - ૪, શ્રાવસ્તી - ૪, અયોધ્યા - ૧૯, રત્નાપુરી - ૪, કોસાંબી - ૪, પુરીમુતલ - ૧, ભેલુપર / વારાણસી - ૪, ભદૈની / વારાણસી - ૪, શીંહપુરી - ૪, ચંદ્રાપુરી - ૪, ભાદલીપુર - ૪, પાવાપુરી - ૧ અને રાજગીરી - ૪) સ્પર્શના વંદન, ભક્તિ, સેવા પૂજન કરાવવા ૧૪ દિવસની યાત્રાનું આયોજન કરેલ છે, જેનો નકરો યાત્રી દિઠ ૧૬૦૦૦/- છે. ૭૦ યાત્રિકમાંથી ૧૫ જરૂરિયાતમંદ સધાર્મિકોને ૧૦૦૦૦/- માં લેવામાં આવશે. વહેલા તે વહેલાના ધોરણે ૩૦-૭-૨૦૧૫માં નામ નોંધાવવામાં આવશે.

નામ નોંધાવવા સંપર્ક સૂત્રઃ શશિકાંત બેન્કર - મો. નં. ૯૮૧૯૫૬૩૪૨૪

લાભ લેનાર મુખ્ય દાતા : ૧૦૦૦૦૦/- શ્રી પંચાસર પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ હસ્તક શ્રી ચંપકલાલ કે. શાહ

વધુ વિગત માટે સંપર્ક : ચંપકભાઈ(વાલકેશ્વર) મો. ૯૭૫૭૩૦૪૩૯૯, શશીકાંતભાઈ (તારદેવ) મો. ૯૮૧૯૫૬૩૪૨૪, સુશિલકુમાર (ગોરેગામ) મો. ૯૮૨૧૬૪૨૨૦૮, હીરેન્દ્રભાઈ (ગોપાલ) (અંધેરી) મો. ૯૯૬૭૬૩૮૧૫૮

જાXખ

# શ્રી પાટણ જૈન મંડળ

## ઈકોનોમિક અને સોશ્યલ અપ્લીફ્ટમેન્ટ કમિટિ

## સમાજના સર્વાંગી વિકાસ માટે અમૂલ્ય તક

### સ્નેહ મિલન - નિમંત્રણ

સુજ્ઞશ્રી,

દરેક સમાજની પ્રગતિ, તેના શૈક્ષણિક અને આર્થિક ઉન્નતિ સાથે સમાજના સર્વાંગી વિકાસ સાથે સ્વાવલંબી બનવા એટલે કે all inclusive growth પર નિર્ભર છે. આપણા સમાજના પરિવારજનોની વિકાસની તકની સમીક્ષા કરવા શ્રી પાટણ જૈન મંડળે દહીસરથી પાલઘર પર્યંત રહેતા ૨૫ થી ૫૦ વર્ષ સુધીની ઉંમરના પરિવારજનો માટે ''સ્નેહ મિલન''નું આયોજન કરેલ છે.

**સમય :** રવિવાર તા. ૨૮-૬-૨૦૧૫, સમયઃ સવારે ૯.૩૦ વાગે

**સ્થળ :** સદાનંદ વેજ ટ્રીટ, મીરા ભાયંદર પાલિકા નજીક, ચર્ચ સ્ટ્રીટ, સ્ટેશન રોડ, ભાયંદર (વે), જી. થાણા

**ઉદ્દેશ :**

(૧) "Educational and Vocational Guidance" :
સમાજના ગ્રેજ્યુએટ્સ અને પોસ્ટ ગ્રેજ્યુએટ્સ યુવક-યુવતીઓને વ્યવસાયિક માર્ગદર્શન.

(૨) Encouraging Entrepreneurship :
નવા વ્યવસાય શરૂ કરવા તથા હાલના વ્યવસાયના વિકાસ અંગે ચર્ચા-વિચારણા.

(૩) Skill development :
કાર્યકુશળતા વધારવા.

(૪) Women Empowerment :
મહિલા ગ્રુહ ઉદ્યોગ શરૂ કરવા તથા વિકાસ માટે વિચારણા કરવા.

(૫) Marketing :
વેચાણ અંગે જરૂરી સહાય અને માર્ગદર્શન.

(૬) Financial Alternates :
નાણાંકીય પ્રશ્ને બેન્ક લોન વિગેરેની વ્યવસ્થા અંગે ચર્ચા કરવા.

(૭) આ ઉપરાંત આર્થિક વિકાસની તક અંગે વિચારણા કરવા, તેમજ તમને મૂંઝવતા પ્રશ્ન સમજવા તથા તેના ઉપાય શોધવા અંગે.

આપના પરિવારના ૨૫ થી ૫૦ વર્ષના યુવક-યુવતીઓને માર્ગદર્શન માટે ઉપરોક્ત ઉદ્દેશોનું માર્ગદર્શન મેળવવું હોય, તેમને આ મીટીંગમાં ખાસ ઉપસ્થિત રહેવા અમારું હાર્દિક આમંત્રણ છે.

લિ.
સામાજિક / આર્થિક વિકાસ સમિતિ
શ્રી પાટણ જૈન મંડળ

**નોંધ :** સવારે ૯.૩૦ કલાકે ચા-કોફીની વ્યવસ્થા છે. મીટીંગ પૂર્ણ થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

### સંસ્થા સમાચાર

શ્રી પાટણ જૈન મંડળ - સુરત દ્વારા ધો. ૧ થી ૫ સુધીના બાળકોને લોંગ બુક ૧ ડઝન અને ધોરણ ૫ થી ઉપરના બાળકોને ૧ ડઝન ફુલસ્કેપ ચોપડા નિઃશુલ્ક આપવામાં આવેલ હતા. આના લાભાર્થી મે.એન. કુમાર એન્ડ કું. હાઃ શ્રી ભદ્રેશભાઈ બાબુલાલ શાહ, શ્રી દર્શન જમનાદાસ શાહ, શ્રી પાટણ જૈન મંડળ - સુરત - રહ્યા હતા.

### પાટણ પ્રતિબિંબ - ન મળવા બાબત

મંડળનું મખપત્ર પાટણ પ્રતિબિંબ દર માસની ૨૫-૨૬ તારીખે જી.પી.ઓ. ખાતેથી એકી સાથે પોસ્ટ કરવામાં આવે છે, તેની નોંધ લેશો.

આપને પ્રતિબિંબ ના મળતું હોય તો આપનું પૂરુ નામ, મહોલ્લો, રહેઠાણ, વિસ્તાર લખીને **9167902267** ઉપર **SMS** કરવો. તેમજ આપના નજદિકના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં પણ લેખિત - મૌખિક ફરિયાદ કરવા ખાસ વિનંતી છે.

## ''દિશા'' - વિકલાંગ ઉત્કર્ષ સમિતિ માટે ખુશીનો અવસર

પાટણ સ્થિત ''દિશા''ની કાર્યશાળાને નામકરણ આપવાનો રૂા. ૧૧ લાખનો લ્હાવો વાલકેશ્વર સ્થિત **બાબુ અમીચંદ પનાલાલ અદિશ્વર જૈન દેરાસર ટ્રસ્ટે** લીધો તેનું શ્રી પાટણ જૈન મંડળ તેમજ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ સહર્ષ સ્વાગત કરી આભાર વ્યક્ત કરે છે. ટ્રસ્ટી **બાબુ ભરતભાઈ રાજેન્દ્રભાઈ ઝવેરી** આર્થિક સહાય કરી પ્રત્યક્ષ દાન તો મોકલે છે, પરંતુ ''દિશા''ની કાર્યશાળામાં બનતી ધૂપસળી વિગેરેનો ઉપયોગ તેમના હસ્તકના દહેરાસરમાં કરી પરોક્ષ રીતે સંસ્થાને મદદરૂપ થાય છે જે અન્યો માટે ઉદાહરણીય છે.

—વિકલાંગ ઉત્કર્ષ સમિતિ

### પાટણનું ગૌરવ

- શ્રીમતી આશીતા તથા શ્રી સોનીર મહેન્દ્રભાઈ શાહ (કેશુશેઠનો પાડો) હાલ બોરીવલીની સુપુત્રી **ચિ. શ્રેયા** ધો. ૭માં અભ્યાસની સાથોસાથ ઈન્ટરસ્કુલ થ્રોબોલ ટુર્નામેન્ટમાં અંડર ૧૨ (ગર્લ્સ)માં ભાગ લઈ મુંબઈ સ્કુલ સ્પોર્ટસ એશોશિયેશન તર્ફે પ્રથમ ક્રમાંકે આવીને પરિવાર તથા સમાજનું નામ રોશન કરેલ છે તે બદલ અભિનંદન.
- શ્રીમતી સેજલબેન તથા શ્રી ખેંગારભાઈ પરેશભાઈ શાહ (કનાસાનો પાડો) હાલ નેપીયન્સી રોડની સુપુત્રી **ચિ. દિયા**એ ૧૪માં ઈન્ટરનેશનલ ચાઈલ્ડ આર્ટ એક્ઝીબીશન - ૨૦૧૪માં પેઈન્ટીંગ કેટેગરીમાં હીલસ્પ્રીંગ ઈન્ટરનેશનલ સ્કુલ તરફથી ભાગ લઈ **'ગોલ્ડ મેડલ'** પ્રાપ્ત કરેલ છે. પરિવાર અને સમાજનું નામ રોશન કરનાર દિયાને હાર્દિક અભિનંદન.

## સંસ્થા સમાચાર

### જૈન ધર્મ ફિલોસોફી અભ્યાસ

**મુંબઈ યુનિવર્સીટી ડીપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી દ્વારા જૈન ધર્મ ફિલોસોફી અંગેનો અભ્યાસ, પાર્ટ ટાઈમ સર્ટીફીકેટ કોર્સ**

અઠવાડિયામાં એક દિવસ ફક્ત ચાર કલાક, એક વર્ષ માટે ચલાવવામાં આવે છે. કોર્સની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૭૦૦/- છે, જેમાં સરળ ભાષામાં ફિલોસોફીની સમજ (અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં અપાય છે.)

**વિષય : જૈન ઈતિહાસ, નવકાર, તીર્થંકર, રાજલોક, રત્નત્રયી, શ્રાવકાચાર, શ્રમણાચાર, જ્ઞાન, અનેકાંત, નયવાદ, ૬ દ્રવ્ય, ૯ તત્વ, કર્મવાદ, શાકાહાર, અહિંસા વગેરે.**

સર્ટીફીકેટ કોર્સ માટે મુંબઈમાં ચાર સેન્ટર : (૧) મરીન લાઈન્સ - શકુંતલા સ્કૂલ (૨) બોરીવલી (વે) ડોક્ટર્સ હાઉસ ટીપીએસ રોડ (૩) સાંતાક્રુઝ (ઈ) - કાલિના યુનિવર્સીટી કોમ્પ્લેક્સ (૪) ઘાટકોપર (ઈ) - રામજી આશર સ્કૂલ.

કોર્સ ૨૮ જૂનથી એપ્રિલ ૨૦૧૬. સમગ્ર કુટુંબ, ખાસ કરીને યુવા વર્ગ માટે કરવા જેવો અભ્યાસ. ૧૯૯૬થી ચાલતા આ કોર્સમાં અત્યાર સુધી આશરે ૩૦૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે. ઓરિએન્ટશન શનિવાર તા. ૨૭-૬-૨૦૧૫, બપોરે ૧.૦૦ કલાકે, માર્શલ હોલ, મુંબઈ યુનિવર્સીટી કાલિના કેમ્પસ, સાંતાક્રુઝ (ઈ).

**વધુ વિગત માટે સંપર્ક : ડૉ. બિપીન દોશી, મો. ૯૮૨૧૦૫૨૪૧૩**
**Email: drbipindoshi@yahoo.com**

## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના!**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાપોરવાળ | લખીયાર વાડો | રસિકલાલ અંબાલાલ શાહ(ધુસા વાળા)* | ૮૮ | મરીનડ્રાઈવ-મુંબઈ | ૧૬-૦૫-૨૦૧૫ | વૈશાખ વદ-૧૩ |
| દશાપોરવાળ | ઘીયાનો પાડો | મંજુલાબેન મહેન્દ્રકુમાર ખાંડવાલા | ૮૦ | બોરીવલી-મુંબઈ | ૧૮-૦૫-૨૦૧૫ | વૈશાખ વદ-૩૦ |
| સાંડેસરા | કસુંબિયા વાડો | નરેન્દ્રભાઈ ઇશ્વરલાલ સાંડેસરા | ૫૮ | પાટણ | ૨૩-૦૫-૨૦૧૫ | જેઠ સુદ-૦૫ |
| વિશાશ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | શાંતાબેન જયંતીલાલ શાહ | ૯૪ | ગામદેવી-મુંબઈ | ૨૪-૦૫-૨૦૧૫ | જેઠ સુદ-૦૬ |
| વિશાશ્રીમાળી | મનમોહનજીની શેરી | ભરતભાઈ કાંતિલાલ શાહ | ૮૦ | અંધેરી-મુંબઈ | ૨૫-૦૫-૨૦૧૫ | જેઠ સુદ-૦૭ |
| વિશાશ્રીમાળી | લીમડીનો પાડો | નયનાબેન વિનોદચંદ્ર સરકાર | ૮૪ | નાના ચોક-મુંબઈ | ૨૬-૦૫-૨૦૧૫ | જેઠ સુદ-૦૮ |
| વિશાપોરવાળ | ઢંક મહેતાનો પાડો | ઈન્દુમતીબેન હસમુખલાલ શાહ | ૮૧ | વડાલા-મુંબઈ | ૨૮-૦૫-૨૦૧૫ | જેઠ સુદ-૧૦ |
| દશાપોરવાળ | ચોધરીની શેરી | સુધીરભાઈ હીરાલાલ શાહ | ૫૫ | વાલકેશ્વર-મુંબઈ | ૨૯-૦૫-૨૦૧૫ | જેઠ સુદ-૧૧ |
| વિશાપોરવાળ | સોની વાડો | નવીનચંદ્ર (બચુભાઈ) જેશંગલાલ ચોકસી | ૭૯ | થાણા | ૩૦-૦૫-૨૦૧૫ | જેઠ સુદ-૧૨ |
| સાલવી | સાલવી વાડો | પ્રમોદભાઈ અમથાલાલ સાલવી* | ૬૯ | બોરીવલી-મુંબઈ | ૩૧-૦૫-૨૦૧૫ | જેઠ સુદ-૧૩ |
| દશાઓસવાળ | ખજુરીનો પાડો | પૂર્ણિમાબેન વિનોદભાઈ શાહ | ૭૪ | મુંબઈ - કાલાચોકી | ૦૫-૦૬-૨૦૧૫ | જેઠ વદ-૦૩ |
| વિશાશ્રીમાળી | મહાદેવાની શેરી | મહેશભાઈ મહાસુખલાલ શાહ | ૫૫ | બોરીવલી-મુંબઈ | ૦૫-૦૬-૨૦૧૫ | જેઠ વદ-૦૩ |
| વિશાશ્રીમાળી | ભાભાનો પાડો | ઈશાન પુલિનભાઈ શાહ | ૨૨ | સાંતાક્રુઝ-મુંબઈ | ૦૬-૦૬-૨૦૧૫ | જેઠ વદ-૦૪ |
| વિશાપોરવાળ | સિદ્ધ ચક્રની પોળ | ભદ્રાવતી બેન નવીનચંદ્ર સંઘવી | ૮૨ | બોરીવલી-મુંબઈ | ૦૯-૦૬-૨૦૧૫ | જેઠ વદ-૦૭ |
| વિશાશ્રીમાળી | કુંભારિયા પાડો | સંદીપભાઈ મહેન્દ્રકુમાર શાહ | ૫૫ | અંધેરી-મુંબઈ | ૧૨-૦૬-૨૦૧૫ | જેઠ વદ-૧૧ |
| વિશાશ્રીમાળી | કોકાનો પાડો | બાપુલાલ નગીનદાસ શાહ | ૮૮ | કાંદિવલી-મુંબઈ | ૧૩-૦૬૨૦૧૫ | જેઠ વદ-૧૨ |

***ચક્ષુદાન કરેલ છે. ✱દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ** દેહદાન કરો અને કરાવો**

## સાભાર-સ્વીકાર

**સમાજ ઉત્કર્ષ ભેટ**

૬,૦૦,૦૦૦ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)
૨,૦૦,૦૦૦ શ્રી જ્યોતીન્દ્રભાઈ જયંતીલાલ દેવડાવાળા (લીમડીનો પાડો)
૧,૨૫,૦૦૦ શ્રી અશોકભાઈ કીર્તિલાલ ઝવેરી (મણિયાતી પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૫,૫૫,૫૫૫ બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન ટેમ્પલ ચેરિટેબલ ટ્રસ્ટ (વાલકેશ્વર)
૫૦,૦૦૦ શ્રીમતી વસુમતીબેન મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
૩૧,૦૦૦ શ્રી પ્રેમચંદ જીવાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ (વખતજીની શેરી)
૯,૦૦૦ શ્રીમતી હેમીનાબેન કીર્તિલાલ શાહ (ઢંઢેરવાડો)
૯,૦૦૦ શ્રીમતી મેઘનાબેન અમિષભાઈ શાહ (ઢંઢેરવાડો)
૯,૦૦૦ શ્રી મનન અમિષભાઈ શાહ (ઢંઢેરવાડો)

**મેડીકલ સહાય કોરપસ ફંડ**

૨,૦૦,૦૦૦ સ્વ. શ્રીમતિ પુષ્પાબેન કેશવલાલ શાહના સ્મરણાર્થે (ખેતરવસી - શામળજીની શેરી)
૫૦,૦૦૦ શ્રી અજયભાઈ જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો) સ્વ. શ્રી જિતેન્દ્રભાઈ મણિલાલ શાહના સ્મરણાર્થે

**વિકલાંગ ઉત્કર્ષ સહાય કોરપસ ફંડ**

૫૦,૦૦૦ શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
૫૦,૦૦૦ શ્રી અજયભાઈ જિતેન્દ્રભાઈ શાહ HUF (ભાભાનો પાડો) સ્વ. શ્રી જિતેન્દ્રભાઈ મણિલાલ શાહના સ્મરણાર્થે

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૨૦,૦૦૦ શ્રી ચંદ્રકાન્તભાઈ ચીમનલાલ શાહ (પોળની શેરી)

**દવા સહાય ભેટ**

૫,૦૦૦ શ્રી વિનોદચંદ્ર કેશરીચંદ શાહ (ખજુરીનો પાડો) સ્વ. શ્રીમતી પૂર્ણિમાબેન વિનોદચંદ્ર કેશરીચંદ શાહના સ્મરણાર્થે

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૦૦૦ શ્રી પ્રેમાબેન કે.

## શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ - પાટણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સને ૧૯૯૯માં શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠની પાટણમાં શુભ શરૂઆત કરવામાં આવી. તે વખતે **બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વર ટેમ્પલ ટ્રસ્ટ** તરફથી **શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ અને શ્રી કેશવલાલ કીલાચંદ શાહ પરિવારે** પાયાનું યોગદાન આપેલ. પૂજ્ય સાધુ-સાધવી ભગવંતો તેમજ મુમુક્ષુઓ (દીક્ષાર્થી) અહીં ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરે છે.

સારી એવી સંખ્યામાં પૂજ્ય સાધુ-સાધવીજી ઉપરાંત દેશના જુદા જુદા રાજ્યોના અલગ-અલગ ગામોમાંથી હાલમાં ૨૨ મુમુક્ષુ બહેનો ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉત્તમ ભાવનાથી અહીં અભ્યાસ કરે છે. (વધુ ૮ થી ૧૦ બહેનો અહીં આવવા ઈચ્છુક છે.) **અહીં અભ્યાસ કરી ચુકેલ સાત બહેનોએ આ વર્ષે દીક્ષા અંગીકાર કરેલ છે.**

સંસ્થા પાસે અભ્યાસ માટે આવતા મુમુક્ષુ બહેનોને રહેવા-જમવા માટેની કોઈ કાયમી વ્યવસ્થા અત્યારે નથી, પરંતુ પાટણના ખેતરપાળના પાડાના **શ્રી બાબુલાલ જેશીંગલાલ પરિવાર** હાલ (કાંદિવલી) અને **શ્રી ભદ્રકુમારભાઈ મણીલાલ,** હાલ (મરીનડ્રાઈવ)ની ઉત્તમોત્તમ ધર્મભાવના અને નિસ્વાર્થ ભાવથી પાટણમાંના તેમના વિશાળ ઘરોમાં આ મુમુક્ષુ બહેનોને રહેવાની સમયસરની સગવડ કરી આપવા બદલ અમે તેઓશ્રીના હૃદયપૂર્વકના આભારી છીએ. ખેતરપાળના પાડામાં જ રહેતા **શ્રી ભદ્રેશભાઈ જયંતિલાલ શાહ પરિવાર આ મુમુક્ષુ બહેનોની નાની-મોટી જરૂરિયાતોનું કાળજીપૂર્વક ધ્યાન રાખે છે.** તે બદલ આ સ્થાનિક પરિવારના સુંદર સહયોગની અમે સરાહના કરીએ છીએ. **શ્રી જયંતિલાલ ગુરુમલ જૈન પરિવાર (બેંગ્લોર) પાટણમાં પૂજ્ય સાધુ-સાધવીજીને વૈયાવચ્ચ માટે રસોડુ ચલાવે છે.** આ પરિવારના પાટણના રસોડે મુમુક્ષુ બહેનોને નવકારશી તેમજ બે ટાઈમ ભોજનની નિઃશુલ્ક વ્યવસ્થા ખૂબજ પ્રેમપૂર્વક કરાવાય છે. તેમના પરિવારના પણ અમે અંતઃકરણથી આભારી છીએ.

સિદ્ધહેમ જ્ઞાનપીઠ સમિતિ મુમુક્ષો માટે કાયમી ધોરણની વ્યવસ્થા કરવા કટિબદ્ધ છે. આવી વ્યવસ્થા શરૂ કરતા થોડો સમય જરૂર લાગશે જ ત્યારે, વચગાળાની વ્યવસ્થામાં સ્વેચ્છાએ, નિઃસ્વાર્થભાવે કેવળ કર્તવ્યના ખ્યાલથી મદદરૂપ થયેલ ઉપર્યુક્ત પરિવારોની ઉદાહરણરૂપ ધર્મભાવનાની કદર કરી અમે અનુમોદના કરીએ છીએ...!!


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ● **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ● **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● **સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ** ●

ADVT

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB ● JUNE 2015 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month. Postal Regd. No. MCS / O84 / 2015-17
Published on 15th of every month

# દાનનો વહેતો પ્રવાહ

શ્રી પાટણ જૈન મંડળનો ભવ્ય ઉદયકાળ ઉત્તરોત્તર સમાજમાં પ્રકાશ ફેલાવતો રહ્યો છે, **જે સંસ્થા અને સમાજની પુણ્યાઈ છે.** દાતાશ્રીઓ દાન થકી સંસ્થાને વધુ ગતિમાન કરવા આગળ આવી રહ્યા છે. તેથી હાલના કાર્યકરોનો ઉત્સાહ ખૂબ જ વધ્યો છે. **સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ ક્ષેત્રે આર્થિક દાન પ્રાપ્ત થઈ રહ્યા છે.**

પાટણ પ્રતિબિંબના ગયા અંકમાં વિગતો વાંચી **બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ - વાલકેશ્વર** તરફથી વિકલાંગ બાળકોની પ્રવૃત્તિને રૂા. ૧૧ લાખનું દાન જાહેર કરેલ છે. ઉપરાંત તેઓ તરફથી રૂા. ૫,૫૫,૫૫૫/- શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ (પાટણ) સાધુ, સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન માટે આર્થિક સહયોગ મળેલ છે. આમ તેમના તરફથી ગયા મહિને રૂા. ૧૦ લાખ સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને સહાયભુત થવા સાધર્મિક ફંડ ખાતે ભેટ મળેલ છે. **જેથી કુલ રૂા. ૨૬,૫૫,૫૫૫/- તેમના તરફથી આવેલ ભેટની અમો ભુરી ભુરી અનુમોદના કરીએ છીએ.**

શિક્ષણ ક્ષેત્રે સમાજમાં ઉચ્ચ અભ્યાસાર્થે વિદ્યાર્થીઓને સહાયભુત થવાની ભાવનાથી **શ્રી નીતિનભાઈ જયંતિલાલ ગભરૂચંદ શાહ (USA)** (ખેતરવસી) તરફથી ગયા વર્ષે ૪૦ હજાર ડોલર પરદેશના ઉચ્ચ અભ્યાસાર્થે લોન સ્કોલરશીપ મળેલ. **એજ રીતે ચાલુ વર્ષે પણ તેમણે શિક્ષણાર્થે interest free loan વધુ ૪૦ હજાર ડોલર (લગભગ રૂા. ૨૫ લાખ) આપવાનું સંસ્થાને જણાવેલ છે.** એમનો ખૂબ ખૂબ આભાર.

## PROGRAMS FOR JUNE / JULY 2015 :

| S. No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Social Upliftment | Sun | 28-Jun | Asadh S11 | 9.30 am | Sadanand Veg Treat, Bhayander | Seminar |
| 2 | J Saurabh for Walk & M. Dr | Sun | 12-Jul | Ash S11 | 10 am | Garware Club, Churchgate | Patan Bhav Yatra |
| 3 | J Saurabh forSuburbs | Sun | 19-Jul | Ash V3 | 10 am | Jalaram Hall, V Parle | Patan Bhav Yatra |

## TENTATIVE PROGRAMS FOR FORTHCOMING MON

| S. No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Program | Sat | 16-Aug | Shr S2 | 9 am | Hindi Vidya Bhavan | Vyakhyan Mala |
| 2 | Program | Sun | 18-Oct | Aso S5 | 6 pm | Birla Matushree | Music Progr |
| 3 | J Mahek | Sun | 01-Nov | Aso V6 | 7 pm | Vile Parle | Dandiya Ras (Tentative) |
| 4 | Program | Sun | 15-Nov | Kar S4 | | Marine Drive | Sneh Sammelan |
| 5 | Program | Sat | 28-Nov | Kar V3 | 3 to11 pm | Birla Matushree | **Talent Parade** |

# જીવન સૌરભ

શ્રી પાટણ જૈન મંડળની જીવન સૌરભ સમિતિ ફરી એકવાર ઘણા વર્ષો પછી, ૬૫ વર્ષની ઉંમરના સિનિયર સીટીઝન માટે એક અનોખો કાર્યક્રમ લઈને આવી રહી છે. આ કાર્યક્રમમાં ઐતિહાસિક પાટણના ભવ્ય ભૂતકાળના દર્શન, પાટણ નગરની ગૌરવગાથાની સંગીતમય રજૂઆત, પાટણના ભવ્યાતિભવ્ય જિનાલયોની ભાવયાત્રા અને પટણીઓની ભવ્ય ઉપલબ્ધિઓને દહોરાવશે.

**આ કાર્યક્રમ કોલાબાથી માટુંગા અને વીટીથી ચેમ્બુરના મુંબઈ શહેરના સિનિયર સીટીઝન્સ માટે રવિવાર, તા. ૧૨-૭-૨૦૧૫ના ગરવારે ક્લબ હાઉસ, ચર્ચગેટ ખાતે યોજાશે. બાન્દ્રાથી વિરાર અને ઘાટકોપરથી થાણાના ઉપનગરના સિનિયર સીટીઝન્સ માટે આ કાર્યક્રમ રવિવાર, તા. ૧૯-૭-૨૦૧૫ના જલારામ હોલ, પાર્લા (વેસ્ટ) ખાતે યોજાશે.**

આ અદ્‌ભૂત કાર્યક્રમ આપને પાટણના સુખદ સંભારણાની યાદ દેવડાવશે અને પાટણના ભાવતા ભોજન પીરસાશે. મુંબઈમાં બેઠાં બેઠાં પાટણ નગરીના ભવ્યાતિભવ્ય જિનાલયોની યાત્રા થશે. આ કાર્યક્રમ પાટણના ભાભાના પાડાના **માતુશ્રી શ્રીમતી જાસુદબેન મણીલાલ લલ્લુભાઈ શાહ પરિવારના સૌજન્યથી** આયોજિત થયેલ છે. **આ યાદગાર સંભારણાવાળા કાર્યક્રમમાં અચૂક હાજર રહેશો. ઓળખ કાર્ડ સાથે લાવવું જરૂરી છે.**

## Shree Patan Jain Mandal

## TALENT PARADE

An Excellent and Opportune Time for Patani Talented persons to display their Artistic Talents in front of entire Patan Community.

Get ready to present your Talents on

**Saturday, 28th Nov. 2015**
**at Birla Matushree Sabhagruh**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.